For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

### ભારે વરસાદ બાદ પાટિયાપુલ નજીક કાળમુખો પથ્થર કાળ બનીને ત્રાટક્યો

# પાવાગઢમાં કુદરતનો પ્રકોપ, વહેલી સવારે ભેખડ ધસી પડતાં ૨ શ્રદ્ધાળુઓનાં મોત, ૪ લોકો ઈજાગ્રસ્ત

**સમગ્ર** યાત્રાધામમાં અફરાતફરી અને શોકનો માહોલ

(પ્રતિનિધિ) હાલોલ, તા.૧૯

પંચમહાલ જિલ્લાના સુપ્રસિદ્ધ યાત્રાધામ અને લાખો ભક્તોની આસ્થાના કેન્દ્ર સમાન પાવાગઢ ડુંગર પરથી આજે વહેલી સવારે એક અત્યંત હૃદયદ્રાવક અને કમકમાટીભરી દુર્ઘટનાના સમાચાર સામે આવ્યા છે. ગત રાત્રિના સમયે ડુંગર વિસ્તારમાં પડેલા ભારે વરસાદના કારણે આજે વહેલી સવારે આશરે ૫:૦૦ વાગ્યાની આસપાસ માચીથી ડુંગર તરફ જવાના માર્ગ પર પાટિયાપુલ નજીક અચાનક એક વિશાળ ભેખડ ધસી પડી હતી. ડુંગર પરથી મસમોટા ભારેખમ પથ્થરો નીચે પસાર થઈ રહેલા નિર્દોષ યાત્રાળુઓ પર કાળ બનીને ત્રાટક્યા હતા. આ આકસ્મિક અને કાળમુખી ઘટનામાં ૨ શ્રદ્ધાળુઓ પથ્થરો નીચે દબાતાં તેઓના ઘટનાસ્થળે જ કરુણ મોત નીપજ્યા છે, જ્યારે અન્ય ૪ યાત્રાળુઓ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા છે. વહેલી સવારે બનેલી આ ઘટનાને પગલે સમગ્ર યાત્રાધામ પરિસરમાં ભારે અફરાતફરી, ચીસાચીસ અને ભયનો માહોલ વ્યાપી ગયો હતો.

મુસાફરો પર પથ્થરો પડ્યા હોવાની અને ચીસાચીસની બૂમો સંભળાતા જ આસપાસના લોકો દોડી આવ્યા હતા. ઘટનાની જાણ થતાં જ પાવાગઢના સરપંચ, સ્થાનિક પોલીસ પ્રશાસન, ફાયર બ્રિગેડ અને આપત્તિ વ્યવસ્થાપનની બચાવ ટુકડીઓ તાત્કાલિક અસરથી ઘટનાસ્થળે દોડી ગઈ હતી. ભારે વરસાદી માહોલ વચ્ચે પણ રેસ્ક્યુ ટીમે ભારે જહેમત ઉઠાવીને પથ્થરો નીચે દબાયેલા તમામ યાત્રાળુઓને બહાર કાઢ્યા હતા. તમામ ઈજાગ્રસ્તોને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે તાબડતોબ હાલોલની સરકારી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. જ્યારે મૃતક યાત્રાળુઓના શબોને કાયદેસરની કાર્યવાહી માટે પોસ્ટમોર્ટમ અર્થે મોકલી અપાયા છે.

પ્રાથમિક વિગતો અનુસાર, આ દુર્ઘટનાનો ભોગ બનેલા તમામ મુસાફરો અમદાવાદ અને સુરત જિલ્લાના વતની હોવાનું સામે આવ્યું છે, જેઓ માતાજીના દર્શનાર્થે આવ્યા હતા. હોસ્પિટલના સૂત્રોના જણાવ્યા મુજબ, કુલ ૪ ઈજાગ્રસ્તોમાંથી ૨ લોકોને સામાન્ય ઈજાઓ હોવાથી પ્રાથમિક સારવાર આપીને રજા આપી દેવામાં આવી છે, જ્યારે બાકીના ૨ શ્રદ્ધાળુઓ હાલ હોસ્પિટલમાં જિંદગીની જંગ લડી રહ્યા છે અને સારવાર હેઠળ છે.



### રૂટનું ઝીણવટભર્યું રી-ઇન્સ્પેક્શન હાથ ધરવામાં આવ્યું

ચોમાસાની શરૂઆતમાં જ બનેલી આ જીવલેણ ઘટનાને પગલે પાવાગઢ ડુંગર વિસ્તારમાં ભૂસ્ખલન (લેન્ડસ્લાઇડ) સામે યાત્રાળુઓની સુરક્ષા વ્યવસ્થાને લઈને ગંભીર સવાલો ઊભા થયા છે. પ્રશાસન દ્વારા તાકીદના પગલાં ભરીને આર.એન્ડ.બી (માર્ગ અને મકાન વિભાગ), ફોરેસ્ટ (વન વિભાગ), પોલીસ અને મહેસૂલ તંત્રની એક સંયુક્ત કમિટી બનાવીને આખા રૂટનું ઝીણવટભર્યું રી-ઇન્સ્પેક્શન હાથ ધરવામાં આવ્યું છે. ડુંગર પર આવા અન્ય કોઈ જોખમી સ્પોટ્સ કે લટકતા પથ્થરો હશે તો તેને આઇડેન્ટિફાય કરી, જરૂરી કરેક્શન અને મરામત કર્યા બાદ જ આ માર્ગ યાત્રાળુઓ માટે ફરીથી ખુલ્લો મુકવામાં આવશે તેમ તંત્ર દ્વારા જણાવાયું છે. પવિત્ર યાત્રાધામમાં બનેલી આ ઘટનાથી સમગ્ર પંથકમાં ભારે શોકની કાલિમા છવાઈ ગઈ છે.



**મૃતકો**

૧) **પ્રણવસિંહ છત્રસિંહ પરમાર** - ઉંમર ૫૨, રહે. લલુપુરા, તા. કઠલાલ, જિ. ખેડા

૨) **ગુણવંતસિંહ ભવાનસિંહ પરમાર** - ઉંમર ૪૦, રહે. લલુપુરા, તા. કઠલાલ, જિ. ખેડા

**ઈજાગ્રસ્તો**

૧) **પૃથ્વીરાજ ભુપેન્દ્રસિંહ ડાભી** - ઉંમર ૨૮, રહે. જાલભાઈની મુવાડી, અમદાવાદ

૨) **મગનભાઈ રમણભાઈ ડાભી** - ઉંમર ૪૮, રહે. જાલભાઈની મુવાડી, અમદાવાદ

૩) **જય અશોકભાઈ કુંભાડિયા** - ઉંમર ૧૬, રહે. કતારગામ, સુરત

૪) **જયેશભાઈ ધનજીભાઈ** - ઉંમર ૩૧, રહે. કતારગામ, સુરત

### વિદ્યાર્થીઓને વિલંબ વિના તાત્કાલિક પ્રવેશ આપવાની માંગ

# MSUમાં પ્રવેશનો કકળાટ, જીકાસ મેરિટમાં નામ છતાં એડમિશન નહીં

**પ્રવેશ** સંબંધિત સમસ્યા છે તેઓ અરજી સાથે જરૂરી દસ્તાવેજો જમા કરાવે, જેથી કેસ મુજબ ચકાસણી કરી યોગ્ય નિર્ણય લઈ શકાય : રજિસ્ટ્રાર



(પ્રતિનિધિ) વડોદરા,તા.૧૯

મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીમાં પ્રવેશ પ્રક્રિયાને લઈને વિદ્યાર્થીઓમાં ભારે રોષ જોવા મળ્યો છે. વિદ્યાર્થી નેતા નિખિલ સોલંકી અને વિનય સોલંકીના નેતૃત્વમાં વિદ્યાર્થીઓ તથા વાલીઓએ સોમવારે હેડ ઓફિસ ખાતે પહોંચી રજિસ્ટ્રાર સમક્ષ ઉગ્ર રજૂઆત કરી હતી.

વિદ્યાર્થીઓનો મુખ્ય આક્ષેપ છે કે એસસી, એસટી , ઓબીસી અને ઈડબલ્યુએસ કેટેગરીના અનેક વિદ્યાર્થીઓ જરૂરી ટકાવારી ધરાવતા હોવા છતાં તેમને પ્રવેશથી વંચિત રાખવામાં આવ્યા છે. નિખિલ સોલંકીએ જણાવ્યું કે, જીકાસ મારફતે ઓફર લેટર મળ્યા છે અને મેરિટ લિસ્ટમાં નામ પણ છે, છતાં એડમિશન ન અપાતું હોવું અન્યાય છે. વિદ્યાર્થીઓની રજૂઆત સાંભળ્યા બાદ રજિસ્ટ્રાર દ્વારા સ્થળ પર જ કેટલાક ફોર્મની ચકાસણી કરાઈ હતી. રજિસ્ટ્રારે સૂચના આપી કે જે વિદ્યાર્થીઓને પ્રવેશ સંબંધિત સમસ્યા છે તેઓ અરજી સાથે જરૂરી દસ્તાવેજો જમા કરાવે, જેથી કેસ મુજબ ચકાસણી કરી યોગ્ય નિર્ણય લઈ શકાય. આ સાથે જનરલ કેટેગરીના વિદ્યાર્થીઓ માટે પણ સ્પષ્ટતા કરાઈ હતી કે ધોરણ-12માં 45 ટકાથી ઓછા ગુણ હોય તો પ્રવેશ મળી શકશે નહીં. વિદ્યાર્થીઓ અને વાલીઓએ માંગ કરી છે કે મેરિટ અને નિયમો મુજબ પાત્રતા ધરાવતા તમામ વિદ્યાર્થીઓને કોઈપણ વિલંબ વગર તાત્કાલિક પ્રવેશ આપવામાં આવે, જેથી તેમના શૈક્ષણિક ભવિષ્ય સાથે ચેડાં ન થાય. યુનિવર્સિટી તંત્ર વહેલી તકે સ્પષ્ટતા કરે તેવી માંગ ઉઠી છે.

### ચોમાસા પહેલા GUVNLના ટેકનિકલ કર્મચારીઓનો આક્રોશ

# સેફ્ટી શૂઝ-બેલ્ટ વિના જોખમી કામગીરી પ્રમોશન અને ભરતીના પ્રશ્નો હલ કરો

(પ્રતિનિધિ) વડોદરા,તા.19

ગુજરાત વિદ્યુત ટેકનિકલ કર્મચારી મંડળે ચોમાસાની ઋતુને ધ્યાનમાં રાખીને ટેકનિકલ કર્મચારીઓની સલામતી, ભરતી અને પ્રમોશન સહિતના પડતર પ્રશ્નોના તાત્કાલિક ઉકેલ માટે જીયુવીએનએલના મેનેજિંગ ડિરેક્ટરને રજૂઆત કરી છે. મંડળના સેક્રેટરી જનરલ રાજુભાઈ ખત્રીએ ડાયરેક્ટર, જનરલ મેનેજર અને મુખ્ય ઈજનેરને સંબોધીને લેખિત રજૂઆતમાં કર્મચારીઓની સુરક્ષા સંબંધિત મુદ્દાઓને પ્રાથમિકતા આપવા માંગ કરી છે.



રજૂઆતમાં જણાવાયું છે કે GUVNLના પરિપત્ર છતાં મોટાભાગના ટેકનિકલ કર્મચારીઓને જરૂરી સલામતી સાધનો ઉપલબ્ધ થયા નથી. વર્ષોથી સેફ્ટી શૂઝ ન મળતા કર્મચારીઓને સ્વખર્ચે ખરીદી કરવાની ફરજ પડી રહી છે. ચોમાસામાં જોખમી પરિસ્થિતિમાં કામગીરી કરવી પડતી હોવાથી શૂઝની રકમ રોકડમાં ચૂકવવાની માંગ કરવામાં આવી છે. ઉપરાંત, હાલના સેફ્ટી બેલ્ટના જટિલ માળખાને બદલે આધુનિક અને સરળ ઉપયોગી બેલ્ટ ઉપલબ્ધ કરાવવા પણ રજૂઆત કરવામાં આવી છે.

મંડળે વીજ અકસ્માતો અટકાવવા માટે લાઈન ક્રોસિંગ ટ્રીમિંગ, એક જ થાંભલા પર બે ફીડરનો પુરવઠો દૂર કરવા અને કોઈપણ કર્મચારીને એકલા ફીલ્ડમાં ન મોકલવા સૂચનાઓ જારી કરવાની માંગ કરી છે. સાથે જ જુનિયર આસિસ્ટન્ટ ભરતી, ડિપ્લોમા હોલ્ડર કર્મચારીઓના પ્રમોશન અને ખાલી જગ્યાઓ ભરવા મુદ્દે પણ રજૂઆત કરવામાં આવી છે. મંડળે જણાવ્યું છે કે આ પ્રશ્નો કર્મચારીઓની સલામતી, મનોબળ અને ગ્રાહકોને ગુણવત્તાસભર વીજ પુરવઠા સાથે સીધા સંકળાયેલા હોવાથી તાત્કાલિક નિર્ણય લેવો જરૂરી છે.

### સમા કેનાલ પાસેની ઘટનાનો વીડિયો વાયરલ

# ઉગ્ર બોલાચાલી વચ્ચે પોલીસે વાન ચાલકને થપ્પડ માર્યા



**દંડ** ભરવા તૈયાર હોવા છતાં PSIએ હાથચાલકી કરી હોવાનો વાહનચાલકનો આક્ષેપ

(પ્રતિનિધિ) વડોદરા તા.૧૯

વડોદરા શહેરના સમા કેનાલ વિસ્તારમાં વાહનચાલક અને પોલીસકર્મી વચ્ચે થયેલી ઉગ્ર બોલાચાલીનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો છે. વીડિયોમાં હાજર PSI દ્વારા વાહનચાલકને થપ્પડ મારવામાં આવી હોવાના દૃશ્યો સામે આવતા ચર્ચા જાગી છે. વાહન ચાલક દ્વારા પીએસઆઇ સામે કડક કાર્યવાહી કરવાની માંગ કરી છે.

પ્રાપ્ત માહિતી મુજબ, ટ્રાફિક સંબંધિત કાર્યવાહી દરમિયાન વાહનચાલક અને પોલીસ વચ્ચે કોઈ મુદ્દે બોલાચાલી શરૂ થઈ હતી. ઘટનાએ ઉગ્ર સ્વરૂપ ધારણ કરતાં હાજર PSIએ વાહનચાલક સાથે હાથચાલકી કરી હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. વાહનચાલક અને સ્થાનિક લોકોનું કહેવું છે કે તેઓ નિયમ મુજબ દંડ ભરવા તૈયાર હતા, છતાં તેમની સાથે અયોગ્ય વર્તન કરવામાં આવ્યું હતું.

ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયામાં ઝડપથી વાયરલ થતાં સમગ્ર મામલો ચર્ચાનો વિષય બન્યો છે. વીડિયોમાં પોલીસ અને વાહનચાલક વચ્ચે ઉગ્ર વાદવિવાદ તેમજ ધક્કામુક્કીના દૃશ્યો જોવા મળતા હોવાનું કહેવાય છે. ઘટનાને પગલે સ્થળ પર લોકોના ટોળા એકત્ર થઈ જતા થોડા સમય માટે તંગદિલીનો માહોલ સર્જાયો હતો.

હાલ સમગ્ર ઘટનાને લઈને પોલીસ વિભાગ તરફથી કોઈ સત્તાવાર નિવેદન જાહેર કરવામાં આવ્યું નથી. જોકે વાયરલ વીડિયો બાદ સમગ્ર મામલે તપાસ થાય તેવી માંગ ઉઠી રહી છે.

**PSIની બદલી, ઉચ્ચસ્તરીય તપાસના આદેશ**

વડોદરાના સમા કેનાલ વિસ્તારમાં ટ્રાફિક PSI કે.એમ. માલીવાડ અને વાહનચાલક વચ્ચે થયેલી બોલાચાલીનો વીડિયો વાયરલ થતાં પોલીસ કમિશ્નરે તાત્કાલિક કાર્યવાહી કરી PSIની કંટ્રોલ રૂમમાં બદલી કરી છે. સમગ્ર ઘટનાની તપાસ અધિક પોલીસ કમિશ્નરને સોંપી વિગતવાર રિપોર્ટ મંગાવવામાં આવ્યો છે.

# આગામી પાંચ દિવસ ગાજવીજ સાથે ઝાપટાંની આગાહી

(પ્રતિનિધિ) વડોદરા,તા.19

વડોદરા શહેરમાં શુક્રવારે મહત્તમ તાપમાન 36.5 ડિગ્રી સેલ્સિયસ અને લઘુત્તમ તાપમાન 25.4 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. સવારે ભેજનું પ્રમાણ 86 ટકા રહ્યું હતું, જ્યારે સાંજે તે ઘટીને 50 ટકા થયું હતું.

દિવસ દરમિયાન બફારો અને ઉકળાટથી નાગરિકો પરેશાન રહ્યા હતા. દરમિયાન, હવામાન વિભાગની આગાહીએ વડોદરાવાસીઓ માટે રાહતની આશા વ્યક્ત કરાઈ છે. ગુજરાતમાં આગામી પાંચ દિવસ દરમિયાન હવામાનમાં નોંધપાત્ર ફેરફાર જોવા મળી શકે છે.

રાજ્યના અનેક વિસ્તારોમાં ગાજવીજ અને તેજ પવન સાથે વરસાદી ઝાપટાં પડવાની શક્યતા વ્યક્ત કરાઈ છે. ખાસ કરીને અરવલ્લી, મહીસાગર, પંચમહાલ, દાહોદ, ખેડા, આણંદ અને વડોદરા જિલ્લામાં ગાજવીજ સાથે વરસાદ થવાની શક્યતા છે.

### વર્ષ ૨૦૨૨ના સમાધાન છતાં સરકારનો નિર્ણય હજુ અધૂરો

# તલાટીઓનો આક્રોશ, જોબ ચાર્ટ અલગ કરવાની માગણી સાથે આવેદન અપાયું

**પંચાયત,** મહેસૂલ અને ખેતીવાડી વિભાગની કામગીરીના વધતા ભારણથી તલાટીઓમાં અસંતોષ



(પ્રતિનિધિ) વડોદરા. તા.૧૯

ગુજરાત રાજ્ય તલાટી મહામંડળે તલાટી કમ મંત્રી અને મહેસૂલી તલાટીના કાર્યક્ષેત્રને સ્પષ્ટ રીતે અલગ પાડવા માટે રાજ્ય સરકારનું ધ્યાન દોર્યું છે. વડોદરાની નવી કલેક્ટર કચેરી ખાતે મહામંડળના આગેવાનો દ્વારા ડિઝાસ્ટર મામલતદાર ભરત પરમારને આવેદનપત્ર પાઠવી લાંબા સમયથી પડતર રહેલા જોબ ચાર્ટના પ્રશ્નનો તાત્કાલિક ઉકેલ લાવવાની માંગ કરવામાં આવી હતી.

મહામંડળે રજૂઆતમાં જણાવ્યું હતું કે ગ્રામ્ય કક્ષાએ તલાટી કમ મંત્રી, મહેસૂલી તલાટી અને ગ્રામ સેવક (ખેતી) જેવી અલગ કેડરો કાર્યરત હોવા છતાં અનેક વિભાગોની કામગીરીનો બોજો તલાટી કમ મંત્રીઓ પર આવી રહ્યો છે. પંચાયતની મૂળ જવાબદારીઓ ઉપરાંત મહેસૂલ, ખેતીવાડી, ચૂંટણી, આપત્તિ વ્યવસ્થાપન, વિવિધ દાખલા અને સરકારી યોજનાઓના અમલીકરણ જેવી કામગીરીઓ એક જ કેડર સંભાળી રહી હોવાથી કર્મચારીઓમાં અસંતોષ વધી રહ્યો છે.

વર્ષ 2022ની હડતાળ દરમિયાન સરકાર દ્વારા બંને કેડરના અલગ જોબ ચાર્ટ માટે સમિતિ રચવાની ખાતરી અપાઈ હતી. જોકે બે સમિતિઓની રચના છતાં હજુ સુધી કોઈ નક્કર નિર્ણય લેવાયો નથી. તાજેતરમાં મહેસૂલી તલાટીઓની નવી ભરતી પૂર્ણ થતાં હવે કાર્યક્ષેત્રની સ્પષ્ટ વહેંચણી કરવાનો યોગ્ય સમય હોવાનું મહામંડળે જણાવ્યું છે. રાજ્ય સરકાર વહેલી તકે નિર્ણય લઈ ગ્રામ્ય વહીવટમાં રહેલી ગૂંચવણ દૂર કરે તેવી માંગ ઉઠી છે.

# NEET પરીક્ષાર્થીઓ માટે વડોદરા રેલવે ખાસ ટ્રેન દોડાવશે

**વડોદરા,** આણંદ સહિતના સ્ટેશનોએ ખાસ હેલ્પ ડેસ્ક અને સ્પેશિયલ ટ્રેનો દોડાવાશે

(પ્રતિનિધિ) વડોદરા,તા.૧૯

NEET પરીક્ષાને ધ્યાને રાખી પશ્ચિમ રેલવેના વડોદરા મંડળે પરીક્ષાર્થીઓ અને વાલીઓની સુરક્ષિત તથા સુગમ મુસાફરી માટે વ્યાપક વ્યવસ્થા ગોઠવી છે. મંડળના વડોદરા, આણંદ અને ભરૂચ સ્ટેશનોએ ખાસ હેલ્પ ડેસ્ક શરૂ કરાશે, જ્યાં તૈનાત રેલ કર્મચારીઓ ટ્રેન કનેક્ટિવિટી, સ્પેશિયલ ટ્રેનો સહિતની તમામ જરૂરી માહિતી અને મદદ પૂરી પાડશે.

વડોદરા મંડળના જનસંપર્ક અધિકારી અનુભવ સક્સેના દ્વારા જણાવ્યા મુજબ વધારાની ભીડને પહોંચી વળવા વડોદરા સ્ટેશને 3 જ્યારે આણંદ, ગોધરા, ભરૂચ અને ખેડા/નડિયાદ સ્ટેશને 1-1 વધારાના યુટીએસ કાઉન્ટર ખોલવામાં આવશે. ઉપરાંત, આ તમામ સ્ટેશનો પર વાણિજ્ય અને કાર્મિક વિભાગના કર્મચારીઓ તથા રેલવે સુરક્ષા બળના જવાનોની ખાસ તૈનાતી કરાશે, જે ભીડ પ્રબંધન, સુરક્ષા વ્યવસ્થા અને યાત્રી સહાયતાનું સંચાલન કરશે. સ્ટેશનો પર સમયાંતરે જાહેર ઉદ્ઘોષણાઓ દ્વારા પરીક્ષાર્થીઓને માર્ગદર્શન અપાશે, જેથી તેમનું આવન-જાવન સુરક્ષિત અને નિર્બાધ બને. વરિષ્ઠ અધિકારીઓ સતત દેખરેખ રાખશે અને ટ્રેનોની સમયપાલનતા જળવાઈ રહે તે સુનિશ્ચિત કરાશે, જેથી કોઈ પરીક્ષાર્થીને મોડું ન થાય. વધારાની ભીડને ધ્યાનમાં રાખી રેલવેએ બે સ્પેશિયલ ટ્રેનો દોડાવવાનું આયોજન કર્યું છે. ટ્રેન નંબર 09471 બાંદ્રા ટર્મિનસ-મણિનગર સ્પેશિયલ વડોદરા મંડળમાં સુરત, ભરૂચ, વિશ્વામિત્રી અને આણંદ સ્ટેશને ઉભી રહેશે. જ્યારે ટ્રેન નંબર 09351 બાંદ્રા ટર્મિનસ-ડો. આંબેડકર નગર સ્પેશિયલ સુરત, અંકલેશ્વર, ભરૂચ, છાયાપુરી અને ગોધરા સ્ટેશને સ્ટોપેજ લેશે.

### કલેક્ટર કચેરીમાં બેધારી નીતિ

# જનતા માટે ગંદકીવાળા કૂલર, સાહેબો માટે ટેક્સના પૈસે મિનરલ વૉટરના જગ

**અરજદારો** ઉનાળામાં ગંદુ પાણી પીવા મજબૂર, એસી ચેમ્બરમાં બેસતા અધિકારીઓ માટે સરકારી ખર્ચે ઠંડા પાણીની જયાફત

(પ્રતિનિધિ) વડોદરા. તા.૧૯

ગુજરાત સરકાર સ્માર્ટ ગવર્નન્સ અને નાગરિક સુવિધાઓના દાવા કરતી હોવા છતાં વડોદરાની કલેક્ટર કચેરીમાં પીવાના પાણી જેવી પ્રાથમિક સુવિધાની દયનીય સ્થિતિ સામે આવી છે. રોજિંદા સેંકડો અરજદારો, વડીલો અને મુલાકાતીઓ માટે મુકાયેલા આર.ઓ. આધારિત વોટર કૂલરોની આસપાસ ગંદકી, લીલ અને દુર્ગંધ જોવા મળતા સ્વચ્છ પાણીની વ્યવસ્થા માત્ર કાગળ પર હોવાનો આક્ષેપ ઉઠ્યો છે.



મુલાકાતીઓ માટે ઉપલબ્ધ કૂલરોની નિયમિત સફાઈ અને જાળવણી ન થતી હોવાના કારણે પાણીની ગુણવત્તા અંગે પણ સવાલો ઊભા થયા છે. ગરમીના દિવસોમાં આવા પાણીના ઉપયોગથી આરોગ્ય પર પ્રતિકૂળ અસર થવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

બીજી તરફ, કચેરીના ઉચ્ચ અધિકારીઓ અને કર્મચારીઓ માટે અલગથી મિનરલ વૉટરના જગની વ્યવસ્થા કરવામાં આવતી હોવાની ચર્ચાએ જનતામાં અસંતોષ ફેલાવ્યો છે. સામાન્ય નાગરિકો માટે એક વ્યવસ્થા અને અધિકારીઓ માટે બીજી વ્યવસ્થા કેમ, તે અંગે લોકો પ્રશ્નો ઉઠાવી રહ્યા છે.

નાગરિકોમાં એવી પણ ચર્ચા છે કે જો કચેરીમાં ઉપલબ્ધ આર.ઓ. પાણી સંપૂર્ણપણે સુરક્ષિત અને ગુણવત્તાયુક્ત હોય તો અધિકારીઓ પણ તેનો ઉપયોગ કેમ કરતા નથી. સમગ્ર મામલે કચેરીમાં પીવાના પાણીની વ્યવસ્થાની યોગ્ય તપાસ કરીને નિયમિત સફાઈ, જાળવણી અને તમામ માટે સમાન સુવિધા સુનિશ્ચિત કરવાની માંગ ઉઠી છે. જનતા હવે તંત્ર પાસેથી જવાબદારીપૂર્ણ વલણ અને પારદર્શક કામગીરીની અપેક્ષા રાખી રહી છે.

### હવે એક ક્લિકમાં મળશે યોગ્ય અધિકારી, માહિતી મેળવવી બનશે વધુ સરળ

# જાહેર માહિતી અધિકારી અને પ્રથમ અપીલ અધિકારીનું ઈ-સરકાર પોર્ટલમાં મેપિંગ ફરજિયાત

**રાજ્યની** તમામ કચેરીઓ અને અધિકારીઓને ઓનલાઈન પોર્ટલ સાથે જોડવાનો નિર્ણય

**અરજીઓ** સીધી સંબંધિત વિભાગ સુધી પહોંચશે, અપીલ પ્રક્રિયા પણ બનશે વધુ ઝડપી અને અસરકારક

(પ્રતિનિધિ) વડોદરા, તા.૧૯

રાજ્યમાં માહિતી અધિકાર (RTI) હેઠળ માહિતી મેળવવા ઈચ્છતા નાગરિકો માટે હવે વધુ સરળ અને પારદર્શક વ્યવસ્થા ઉપલબ્ધ બનવા જઈ રહી છે. રાજ્ય સરકારે મહત્વપૂર્ણ નિર્ણય લઈ તમામ સરકારી વિભાગોના જાહેર માહિતી અધિકારી (PIO) અને પ્રથમ અપીલ અધિકારી (FAA)નું ઈ-સરકાર પોર્ટલમાં મેપિંગ ફરજિયાત બનાવ્યું છે. આ પગલાથી RTI અરજદારોને યોગ્ય કચેરી અને અધિકારી સુધી પહોંચવામાં સરળતા મળશે તેમજ માહિતી મેળવવાની પ્રક્રિયા વધુ ઝડપી બનશે.

હાલમાં અનેક વિભાગો RTI ઓનલાઈન પોર્ટલ સાથે જોડાયેલા હોવા છતાં ઘણી કચેરીઓની વિગતો ઉપલબ્ધ ન હોવાથી અરજદારોને અરજી અને અપીલની પ્રક્રિયામાં મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હતો. હવે તમામ વિભાગોને તેમની હસ્તકની કચેરીઓ તેમજ જાહેર માહિતી અને પ્રથમ અપીલ અધિકારીઓની વિગતો પોર્ટલ પર અપલોડ કરવા સૂચના આપવામાં આવી છે.

નવી વ્યવસ્થા અમલમાં આવ્યા બાદ નાગરિકો કોઈપણ વિભાગ સામે ઓનલાઈન RTI અરજી કરી શકશે અને અરજીની સ્થિતિ પણ ઓનલાઈન જાણી શકશે. નિષ્ણાતોના મતે આ પગલાથી ખોટા વિભાગમાં અરજીઓ જવાના કિસ્સાઓ ઘટશે અને માહિતી પ્રદાન કરવાની પ્રક્રિયા વધુ સુવ્યવસ્થિત બનશે.

રાજ્ય સરકાર RTI પોર્ટલને વધુ નાગરિકમૈત્રી બનાવવા ટેક્નોલોજી આધારિત સુધારાઓ પણ કરી રહી છે. આ નિર્ણય પારદર્શક, જવાબદાર અને અસરકારક શાસન તરફનું મહત્વપૂર્ણ પગલું માનવામાં આવી રહ્યું છે, જેનાથી સામાન્ય નાગરિકોને સીધો લાભ મળશે અને માહિતી મેળવવાનો અધિકાર વધુ મજબૂત બનશે.